**Media Release**

# લલિત મોદી સામેના તમામ ઓર્ડરને રદ ઠેરવતી દિલ્હી હાઇકોર્ટની ડિવિઝન બેન્ચઃ પાસપોર્ટ પરત આપ્યો

**મુંબઇ, 28 ઓગસ્ટ 2014 :** દિલ્હી હાઇકોર્ટે બુધવારે આપેલા એક સીમાચિહ્ન ચૂકાદામાં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના સ્થાપક તથા મુખ્ય શિલ્પી અને રાજસ્થાન ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ લલિત મોદી સામેનાં તમામ ચૂકાદાઓ રદ ઠેરવ્યા હતા અને તેમનો પાસપોર્ટ પાછો આપવાનો આદેશ કર્યો હતો. ન્યાયમૂર્તિ બાદર દુરાઝ અહેમદ અને ન્યાયમૂર્તિ વિભુ બાખરૂની બનેલી ડિવિઝન બેન્ચના આ ચૂકાદાથી લલિત મોદીના ભારત પાછા આવવાનો માર્ગ મોકળો બન્યો છે.

મોદીનો પાસપોર્ટ પાછો આપવાનો આદેશ આપતા બેન્ચે જણાવ્યું હતું કે, રીવોકેશન ઓર્ડર અમાન્ય હતો અને તે પાસપોર્ટ રીવોકેશન માટે મેનકા ગાંધીના કેસમાં નક્કી કરેલી માર્ગદર્શિકા પાસ કરવાનો નિષ્ફળ ગયો હતો. વધુમાં, બેન્ચે જણાવ્યું હતું કે, લલિત મોદીનો પાસપોર્ટ પાછો ખેંચવાનો આદેશ અમાન્ય હતો કારણ કે તેની પાછળ અપ્રસ્તુત અને અપ્રાસંગિક પુરાવાઓની અસર હતી અને પાસપોર્ટ પાછો ખેંચવાને વાજબી ઠેરવે એવો કોઇ ગંભીર મુદ્દો જાહેર કરવામાં આવ્યો નહતો. બેન્ચે નોંધ્યું હતું કે, મોદીએ અદાલતે માંગેલા તમામ દસ્તાવેજો રજૂ કર્યા હતા અને વિડિયો કોન્ફરન્સ દ્વારા પોતાની તપાસ કરવાની ઓફર કરી હતી અને તેથી પાસપોર્ટ પાછો ખેંચવાનો ઓર્ડર ગેરકાનૂની હતો.

બેન્ચે એમ પણ જણાવ્યું હતું કે, ફેમા હેઠળ ડિફોલ્ટ અથવા સમન્સનાં નોન-કમ્પ્લાયન્સ માટે કેટલીક ચોક્કસ પ્રક્રિયાઓ અને કાનૂની જોગવાઇઓ છે અને સામાન્ય પ્રજાનાં હિતમાં નહોતું એવો આધાર આપીને આવા ડિફોલ્ટ માટે પાસપોર્ટ પાછો લઇ લેવો એ કાયેદસરનું કૃત્ય નહોતું.

દિલ્હી હાઇકોર્ટની ડિવિઝન બેન્ચે આપેલા સીમાચિહ્ન ચૂકાદા અંગે ટિપ્પણી કરતા **આઇપીએલના સ્થાપક અને શિલ્પી તથા રાજસ્થાન ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ લલિત મોદીએ** જણાવ્યું હતું કે, " મારા માટે લાંબી અને અઘરી લડાઇ

હતી અને આજે હું સાચો સાબિત થયો છું. હું હંમેશા આપણી ન્યાય પધ્ધતિમાં માનતો આવ્યો છું અને અંતે ન્યાય સાચો ઠર્યો છે. જુઠ્ઠાણાં પર આધારિત દરેક કેસ આપણી ન્યાય પધ્ધતિ સામે ટકી શક્યો નથી અને આ માટે હું આભારી છું. મેં હંમેશા એમ જ કહ્યું હતું કે હું ભારત પાછો આવવા આતુર છું અને આજે કે કાલે પાછો ફરીશ. પણ હું આપણી પ્રિય રમત ક્રિકેટને સ્વચ્છ કરવા માટે હું હંમેશા લડતો રહીશ."

અગાઉ આ વર્ષના પ્રારંભમાં લલિત મોદી રાજસ્થાન ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. આ ચૂકાદો અને તેમનો પાસપોર્ટ પરત મળવાથી લલિત મોદી માટે ભારત પાછા આવવા સામે કોઇ અવરોધ રહેતો નથી.

ફેબ્રુઆરી 2014માં બોમ્બે હાઇકોર્ટની ડિવિઝન બેન્ચે લલિત મોદી સામે એજ્યુડિકેશન પ્રક્રિયા હાથ ધરવા ઇડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)એ વ્યક્ત કરેલા અભિપ્રાયને ફગાવી દીધો હતો. ન્યાયમૂર્તિ વજીફદાર અને ન્યાયમૂર્તિ કોલાબાવાલાની બનેલી બેન્ચે બે કારણોસર આ અભિપ્રાય ફગાવ્યો હતો. એક, કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ, જેમાં એજન્સીએ જેનાં પર આધાર રાખ્યો હતો તે મોટા ભાગના દસ્તાવેજો પુરા પાડ્યા નહોતા અને બીજું, વ્યક્ત કરેલો અભિપ્રાય સંપૂર્ણપણે અતાર્કિક હતો. કોર્ટે પછી ઇડીને નવી શો કોઝ નોટિસ જારી કરવાનો વિકલ્પ આપ્યો હતો. પણ ઇડીએ આવું કર્યું નહીં.